# સમૃદ્ધિ મહામાર્ગ પર હવે ૧૨ જગ્યાએ ફૂડ-કોર્ટ બનશે



**મુંબઈથી** નાગપુરના ૭૦૧ કિલોમીટરના અંતરને સડસડાટ ૮ કલાકમાં પાર કરવાની સુવિધા પૂરી પાડતા સમૃદ્ધિ મહામાર્ગ પર હવે આવતા ૩ મહિનામાં ૧૨ જગ્યાએ ફૂડ-કોર્ટ ચાલુ કરવામાં આવશે. એને કારણે મોટરિસ્ટોને વચ્ચે બ્રેક મળશે, રોડ-હિપ્નોસિસ એટલે કે કાર ડ્રાઇવ કરી રહેલી વ્યક્તિ રોડ પર શું થઈ રહ્યું છે એની સભાનતા ગુમાવી દે એવી અવસ્થાથી રાહત રહેશે અને અકસ્માત થવાની શક્યતા પણ ઓછી થશે.

**250**

આ મહામાર્ગ પર અકસ્માતોમાં આટલા લોકોએ જીવ ગુમાવ્યા છે

મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (MSRDC) દ્વારા તૈયાર કરાયેલા સમૃદ્ધિ મહામાર્ગ પર બહુ ઓછાં પેટ્રોલ-પમ્પ, રેસ્ટોરાં કે શૉપિંગ મૉલ છે. બન્ને તરફ મળીને ઓછામાં ઓછી ૧૫ જગ્યાએ આ સુવિધા હોવી જોઈએ, પણ એટલા પ્રમાણમાં આ સુવિધા ઊભી કરી શકાઈ નથી. વળી બહુ ઓછા વળાંક અને ખાડા વગરના સીધા રોડને કારણે વાહનો સડસડાટ ચાલ્યાં જતાં હોય છે જેને કારણે મોટરિસ્ટો રોડ-હિપ્નોસિસનો ભોગ બને છે અને એને કારણે અકસ્માતની શક્યતા રહે છે. સમૃદ્ધિ મહામાર્ગ પર ઑલરેડી ૧૨૫ જેટલા અકસ્માત થઈ ગયા છે જેમાં ૨૫૦ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે.

MSRDC દ્વારા આ માટે આ પહેલાં પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં હતાં, પણ એમાં કંઈ ફાઇનલ ન થવાથી બે મહિના પહેલાં ત્રીજી વાર ટેન્ડર બહાર પાડ્યાં હતાં જેમાં ૨૦ જગ્યાએ ફૂડ-કોર્ટ ઊભી કરવાનો ઈરાદો હતો. જોકે એમાંથી ૧૨ જગ્યાઓ માટે પાર્ટીઓએ ઇન્ટરેસ્ટ બતાવતાં હવે ઍટ લીસ્ટ એ ૧૨ જગ્યાએ ફૂડ-કોર્ટ ખૂલવાની શક્યતાઓ વધી છે.

## મીરા રોડમાં ગેરકાયદે રહેતી પાંચ બંગલાદેશી મહિલાઓ ઝડપાઈ

**મીરા** રોડના રામદેવ પાર્ક, મીરા રોડ રેલવે-સ્ટેશન અને મીરા-ભાઈંદર રોડ પર આવેલાં મકાનોમાં લોકોનાં ઘરકામ કરવા બંગલાદેશી મહિલાઓ આવતી હોવાની ખબરીએ આપેલી માહિતીના આધારે મીરા-ભાઈંદર, વસઈ-વિરાર પોલીસે કાર્યવાહી કરીને પાંચ મહિલાઓને ઝડપી લીધી હતી. આ મહિલાઓ કોઈ પણ દસ્તાવેજ વિના ગેરકાયદે રહેતી હતી અને લોકોનાં ઘરકામ કરતી હતી. પૂછપરછમાં તેમણે પોતે બંગલાદેશની હોવાનું કબૂલ્યું હતું.






## EDએ ફરી સમન્સ મોકલીને રાજ કુન્દ્રાને આજે હાજર થવા માટે કહ્યું



**પૉર્ન** ફિલ્મ બનાવવાના કેસમાં પકડાયેલા બૉલીવુડની ઍક્ટ્રેસ શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાને એ જ કેસમાં થયેલા મની લૉન્ડરિંગ બદલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ED)એ કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. હાલ રાજ કુન્દ્રા જામીન પર હોવાથી EDએ તેને પૂછપરછ કરવા સોમવારે સમન્સ મોકલીને હાજર થવા કહ્યું હતું. જોકે રાજ કુન્દ્રાએ હાજર થવાને બદલે થોડો સમય માગ્યો હતો. આ જ કારણસર EDએ હવે તેને ફરી સમન્સ મોકલાવ્યો છે અને આજે પૂછપરછ માટે હાજર રહેવા જણાવ્યું છે.

હાલમાં જ EDએ મની લૉન્ડરિંગ કેસની તપાસ અંતર્ગત રાજ કુન્દ્રાની મુંબઈ સહિત ઉત્તર પ્રદેશની કુલ ૧૫ જગ્યાએ રેઇડ પાડી હતી. એ કાર્યવાહીમાં રાજ કુન્દ્રાનાં કેટલાંક બૅન્ક-અકાઉન્ટ ફ્રીઝ કરી દેવાયાં છે અને અનેક સાઈબર ડિજિટલ ડિવાઇસ પણ સીઝ કરવામાં આવ્યાં છે. આ જ કેસ સાથે જોડાયેલી અભિનેત્રી ગહના વસિષ્ઠને પણ EDએ ૯ ડિસેમ્બરે પૂછપરછ માટે બોલાવી છે.

# ધ અપસાઇકલ્ડ પ્રોજેક્ટ - કચરાના નિકાલનો અર્બન ઉકેલ



ધ અપસાઈકલ્ડ પ્રોજેક્ટ દ્વારા ધરવામાં આવેલી કલેક્શન ડ્રાઈવમાં યશ અને કૃષ.



તેમની સફળ ઝુંબેશ હેઠળ જમા કરવામાં આવેલા પ્લાસ્ટિકને આદ્વિકા ક્લિનટેકમાં ડ્રૉપ કરવામાં આવી રહ્યું છે.



વર્કશૉપ દ્વારા બાળકોમાં રીસાઈકલિંગ વિશે ફેક્ટશીટ અને વાર્તાઓ દ્વારા જાગૃતિ ફેલાવતો યશ સોમાણી.



ઑલ સેન્ટ્સ ઓલ્ડ એજ હોમમાં પ્લાસ્ટિક-વેસ્ટમાંથી રીસાઈકલ્ડ કરીને બનવામાં આવેલી બેન્ચ.



હાફ-ફુલ પેન-હોલ્ડર્સ.

**સ્પેશ્યલ ફીચર**

**બધા** જ દેશો જ્યારે કચરા-વ્યવસ્થાપનની વ્યૂહરચનાઓ વિશે ચર્ચા કરી રહ્યા છે ત્યારે યુવાનોએ આગળ વધીને શહેરોમાં સ્વચ્છતા માટેના પડકારો ઉકેલવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. મુંબઈની કૅથેડ્રલ અને જૉન કૉનન સ્કૂલના બારમા ધોરણના વિદ્યાર્થીઓ યશ અને કૃષ સોમાણી એવાં જ પ્રેરક ઉદાહરણ છે. યશ પર્યાવરણને ન્યાય અપાવવા માટેની તીવ્ર વૃત્તિ ધરાવે છે, જ્યારે કૃષ ઉદ્યોગસાહસિકતા અને પૉલિટિકલ વ્યુઝ ધરાવે છે જે શાશ્વત વિકાસની વ્યૂહરચનાઓ માટે મહત્ત્વપૂર્ણ છે.

### અપસાઇકલ્ડ પ્રોજેક્ટ : કચરાનો પ્રોડક્ટિવ ઉપયોગ માટે ઉકેલ

યશ અને કૃષ દ્વારા સ્થાપિત ધ અપસાઈકલ્ડ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ કચરાનો પુનઃ ઉપયોગ કરીને એને કામ આવે એ રીતે ઉપયોગમાં લેવાનો છે. તેમના ટ્રેશ ટુ ટ્રેઝરના દૃષ્ટિકોણથી ભારતમાં કચરા-વ્યવસ્થાપનમાં ક્રાંતિ લાવવા માટે નવી વિચારધારાનું પ્રદર્શન થાય છે, જેમાં સમાજકેન્દ્રિક ઉપાયો સામેલ છે. આ પ્રોજેક્ટ ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જવાબદાર વેસ્ટ મૅનેજમેન્ટ માટે જાહેર અને ખાનગી ભાગીદારી દ્વારા કાર્ય કરે છે.

### ટ્રેશ ટુ ટ્રેઝર : ઝુંબેશ અને ઉકેલ

આ પ્રોજેક્ટ દ્વારા ૧૫૦થી વધુ ઈમારતોમાંથી ૧૦ કિલોથી વધુ પ્લાસ્ટિક એકત્રિત કરવાની ઝુંબેશો યોજવામાં આવી છે, જેના માધ્યમથી ૧૫૦૦ કિલોગ્રામ પ્લાસ્ટિક એકત્રિત થયું છે. આદ્વિકા ક્લિનટેક દ્વારા આ પ્લાસ્ટિકને અપસાઈકલ્ડ કરીને કબાટ તેમ જ બેન્ચ બનાવી એ વિવિધ સામાજિક સંસ્થાઓને દાનમાં આપવામાં આવ્યાં હતાં. ઉપરાંત કૉફી કૅપ્સ્યુલ એકત્રિત કરવાની ઝુંબેશ પણ યોજાઈ હતી, જેને ગિલ્ડ ઑફ સર્વિસ-મુંબઈનાં બાળકોએ કેન્ડલ હોલ્ડરમાં રૂપાંતરિત કરી, એનું વેચાણ કરીને જે આવક થઈ એ તેમને પાછી આપવામાં આવી હતી.

### જાગૃતિ ફેલાવવી

તેમની વેબસાઇટ પર તેમણે પ્લાસ્ટિક રીસાઈકલિંગ સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી ધરાવતી ફેક્ટશીટ્સ અને દસ્તાવેજો ઉપલબ્ધ કરાવ્યાં છે. આ ઉપરાંત તેમણે 'રૂપા રીયુઝિસ ઍન્ડ રીસાઈકલ્સ' અને 'ઉર્વિ'સ એક્સપર્ટ અપસાઈક્લિંગ' નામનાં બે પુસ્તકો હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં લખ્યાં છે જે તેમની 'લેટ'સ અપસાઈકલ'ની માહિતીસભર શ્રેણીનો એક ભાગ છે.

### હાફ-ફુલ : પ્રથમ ઉદ્યોગસાહસિક પ્રયાસ

જુલાઈ ૨૦૨૪માં શરૂ કરાયેલો હાફ-ફુલ એ અપસાઈકલ્ડ પ્રોજેક્ટના વિવિધ સ્તંભોને એકત્રિત કરવા માટેનો એક વિસ્તૃત પ્રયાસ છે. તેમણે ફરીથી વપરાયેલા કચરાથી પેન-હોલ્ડર્સ બનાવ્યાં અને ૨૦૦થી વધુ પેન-હોલ્ડર્સ વેચવામાં તેઓ સફળ રહ્યા.

### દીર્ઘકાળ માટે પ્રભાવ

આ પહેલે પોતાના સ્થાપનાના ટૂંકા ગાળામાં જ સારુંએવું પરિવર્તન લાવ્યું છે. આ પ્રોજેક્ટ દ્વારા ગિલ્ડ ઑફ સર્વિસ-મુંબઈ, ઑલ સેન્ટ્સ ઓલ્ડ એજ હોમ-માઝગાવ, સ્નેહાલય, એનએસજી-પવઈ જેવાં NGOને મદદ મળી છે. આ બેન્ચ અને કબાટના રૂપાંતરણનો ખર્ચ સ્પ્રિંગવેલ મૅટ્રેસિસ, ઓરિએન્ટલ કન્ટેનર્સ જેવી કંપનીઓએ ઉઠાવ્યો છે, જેમના લોગો આ પ્રોડક્ટ પર મૂકવામાં આવ્યા છે.



ગિલ્ડ ઑફ સર્વિસનાં બાળકો માટે વર્કશૉપ લેતો ક્રિશ સોમાણી, જ્યાં કેન્ડલ-સ્ટૅન્ડ બનાવવા માટે કૉફી-કૅપ્સ્યુલને રીસાઈકલ કરવામાં આવ્યાં હતાં.



તેમની પાસે હવે કેટલાક એવા લોકો છે જે તેમને નિયમિતપણે પ્લાસ્ટિકનો કચરો મોકલે છે જે આ પહેલને સતત ચલાવવામાં મદદ કરે છે. આ લોકોમાં જવાબદારીભર્યા કચરા-વ્યવસ્થાપન વિશેની જાગૃતિ એ આ પ્રોજેક્ટની સફળતાનું મહત્વપૂર્ણ ચિહ્્ન છે.

તેમનું કાર્ય જોવા માટે મુલાકાત લો: upcycled.net.in